# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સિક્કિમ પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ કલર એનાયત કર્યો.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસ દરમિયાન વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરશે..કમલમ ખાતે બેઠક.
3. રાજીનામાની અટકળો વચ્ચે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બેંગલુરુમાં તેમના નિવાસસ્થાને કેબિનેટ સાથીદારો સાથે બેઠક યોજી.
4. અમેરિકન દળો દ્વારા કરવામાં આવેલા હુમલાના પ્રત્યુત્તરમાં ઇરાને અમેરિકન આર્મી બેઝ પર હુમલો કર્યો.
5. અમેરિકા દ્વારા ઈરાન પર નવેસરથી હુમલાઓ કર્યા બાદ તેલના ભાવમાં તીવ્ર ઉછાળો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PREZ-SIKKIM VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સિક્કિમ પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ કલર એનાયત કર્યો. ગંગટોકના પાલજોર સ્ટેડિયમ ખાતે અલંકરણ પરેડ યોજાઈ હતી. સિક્કિમ આ એવોર્ડ મેળવનાર દેશનું 15મું અને ઉત્તર પૂર્વનું ત્રીજું રાજ્ય બન્યું છે. કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોલીસ દળને વધુ નાગરિક કેન્દ્રિત બનવાનો આગ્રહ કર્યો.

(BYTE- DRAUPADI MURMU, PRESIDENT)

તેમણે લોકો, ખાસ કરીને મહિલાઓ, ગરીબો અને બાળકો સાથે વ્યવહાર કરતી વખતે પોલીસને વધુ સંવેદનશીલ બનવા પર પણ ભાર મૂક્યો. શ્રીમતી મુર્મુએ કહ્યું કે પોલીસે સાયબર ક્રાઇમ, ઓનલાઈન છેતરપિંડી, ડીપ ફેક વગેરેનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે આશા વ્યક્ત કરી કે સિક્કિમ પોલીસ તમામ આધુનિક માધ્યમોનો ઉપયોગ કરીને આ પડકારોનો સામનો કરશે. તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તેમજ આપત્તિ ઘટાડવામાં સિક્કિમ પોલીસની ભૂમિકાની પ્રશંસા કરી.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ પોલીસ કલર એ દેશમાં પોલીસ દળને અપવાદરૂપ સેવા, અતૂટ શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ માટે આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે છે. મુલાકાત દરમિયાન શ્રી શાહ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જાહેર ઉપયોગિતા, શિક્ષણ અને ગ્રામીણ માળખાકીય સુવિધાઓના આશરે 12 જેટલા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ...

(VC – અપર્ણા ખૂંટ)

# AMIT SHAH BORDER

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે દેશની સરહદોથી 15 કિલોમીટરની અંદર કોઈપણ ગેરકાયદેસર બાંધકામને ક્યારેય ચલાવી લેવામાં નહીં આવે. તેમણે આવા તમામ ગેરકાયદેસર બાંધકામોને તાત્કાલિક તોડી પાડવાનો આદેશ આપ્યો છે. સાંભળીએ એક અહેવાલ

VC: ANAND

# INDIA CHINA MEETING

ભારત અને ચીને સરહદી વિસ્તારોમાં પરિસ્થિતિની સમીક્ષા કરી અને સુલેહ-શાંતિ જાળવવામાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો. બંને દેશોએ ભારત-ચીન સરહદી બાબતો પર સલાહ અને સંકલન માટે કાર્યકારી પદ્ધતિની 35મી બેઠક દરમિયાન પરિસ્થિતિની સમીક્ષા કરી. આ બેઠક ગઈકાલે બેઇજિંગમાં યોજાઈ હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ચર્ચાઓ રચનાત્મક અને ભવિષ્યલક્ષી હતી. બંને પક્ષોએ સીમાંકન, સરહદ વ્યવસ્થાપન, મિકેનિઝમ નિર્માણ અને સરહદ પાર સહયોગ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

# KARNATAKA CM

રાજીનામાની અટકળો વચ્ચે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આજે બેંગલુરુમાં તેમના નિવાસસ્થાને તેમના કેબિનેટ સાથીદારો સાથે નાસ્તા સાથેની બેઠક યોજી હતી.. નાયબ મુખ્યમંત્રી ડી કે શિવકુમાર, જેઓ સિદ્ધારમૈયા નું સ્થાન લેશે તેવી રાજકીય અટકળો ચાલી રહી છે.

ડી.કે શિવકુમાર પણ આ બેઠકમાં હાજર હતા. મુખ્યમંત્રી કાર્યાલયે બેઠક દરમિયાન ડી કે શિવકુમારના સિદ્ધારમૈયાને ગળે લગાવતા અને તેમના પગ સ્પર્શતા ફોટા જાહેર કર્યા છે. નાસ્તાની બેઠકમાં હાજર રહેલા કેબિનેટ મંત્રીઓએ કહ્યું છે કે જો રાજ્યમાં કોઈ મુખ્યમંત્રી બદલાય છે તો તેઓ હાઇકમાન્ડના નિર્ણયનું પાલન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# NTA-RESCHEDULE

નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTA એ સ્નાતક કક્ષાએ પ્રવેશ માટે લેવાતી પ્રવેશ પરીક્ષા CUET UG માટેની સુધારેલી પરીક્ષા તારીખો અને પ્રવેશ કાર્ડ જાહેર કર્યા છે. આ પરીક્ષાઓ હવે 31મી મે અને 6ઠ્ઠી અને 7મી જૂને લેવામાં આવશે. આજે યોજાનારી પરીક્ષા ઈદ-ઉલ-અઝહાના કારણે ફરીથી યોજવાનું નક્કી કરાયું હતું. રવિવારે પરીક્ષા આપનારા ઉમેદવારોના પ્રવેશ કાર્ડ જાહેર કરવામાં આવ્યા છે જે NTA ની સત્તાવાર વેબસાઇટ - cuet.nta.nic.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

જેમની પરીક્ષા આગામી મહિનાની 6ઠ્ઠી અને 7મી તારીખે છે તેમના પ્રવેશ કાર્ડ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# REV. PRADHAN-CBSE

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે CBSE ધોરણ 12 ની પરીક્ષાની  પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા શરૂ થશે. CBSE ધોરણ 12 ની પરીક્ષા મૂલ્યાંકન પ્રક્રિયા અંગે કેટલાક મુદ્દાઓ પ્રકાશમાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે.

નવી દિલ્હીમાં CBSE અધિકારીઓ સાથેની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા શ્રી પ્રધાને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનો કોઈ પ્રશ્ન વણઉકેલાયેલ ન રહે તેની અધિકારીઓ ખાતરી કરશે અને તમામ સ્તરે જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે. વિસંગતતાઓની જવાબદારી લેતા શિક્ષણ મંત્રીએ કહ્યું કે આ મુદ્દાઓને સુધારવામાં આવશે, અને યોગ્ય ઉકેલો શોધવામાં આવશે.

# DAY EID-UL-AZHA

દેશ વિદેશમાં આજે ઈદ ઉલ અઝહાનું પર્વ ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ઉજવાઇ રહ્યું છે. મુસ્લિમ બિરાદરોએ સવારે ઈદની નમાઝ અદા કર્યા બાદ સર્વને ઈદની મુબારકબાદી પાઠવી હતી. દિલ્લીમાં જામા મસ્જિદ, ફતેહપુરી મસ્જિદ અને શાહી ઈદગાહમાં ઈદની નમાઝ યોજાઈ હતી. આ પ્રસંગે નમાજનું નેતૃત્વ કરનારા ઈમામોએ લોકોને શાંતિ અને સંવાદિતા જાળવવા અને ભાઈચારાની ભાવનાથી તહેવાર ઉજવવાની અપીલ કરી હતી. દેશના અન્ય ભાગોમાં પણ ઈદની નમાજ અદા કરાઇ હતી. આ પ્રસંગે સુરક્ષા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂરમૂએ દેશવાસીઓને ઈદની શુભેચ્છાઓ પાઠવી છે. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને ઈદ-ઉલ- અઝહાની લોકોને શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં આશા વ્યક્ત કરી કે આ પવિત્ર પ્રસંગ બધા માટે શાંતિ, ખુશી અને સદ્ભાવના લાવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈદની લોકોને શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આ પ્રસંગ સમાજમાં ભાઈચારો અને ખુશીની ભાવનાને વધુ ગાઢ બનાવશે. તેમણે દરેકની સફળતા અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

મધ્યપ્રદેશના ભોપાલમાં આજે ભક્તિ અને ભાઈચારો સાથે ઈદ ઉજવવામાં આવી રહી છે.

શ્રીલંકામાં મુસ્લિમ સમુદાય આજે ધાર્મિક ઉત્સાહ સાથે ઈદની ઉજવણી કરી રહ્યો છે. શ્રદ્ધાળુઓ વહેલી સવારે ઈદની નમાઝ પૂર્ણ કર્યા બાદ પરંપરાગત રીતે એકબીજાને ગળે લગાવીને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી.

બાંગ્લાદેશમાં પણ આજે ઈદ-ઉલ-અઝહાનો તહેવાર ધાર્મિક ઉત્સાહ, ગંભીરતા અને ઉત્સવ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

# REV US - IRAN ATTACK

ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ દક્ષિણમાં અમેરિકન દળો દ્વારા કરવામાં આવેલા તાજેતરના હુમલાના પ્રત્યુત્તરમાં તેમણે આજે વહેલી સવારે અમેરિકન બેઝ પર હુમલો કર્યો છે.

ઇરાને કહ્યું કે તેહરાનનો તાજેતરનો જવાબ અમેરિકાને ગંભીર ચેતવણી છે , અને તેની આક્રમકતા યથાવત રહેશે. બુધવારે રાત્રે અમેરિકાએ ઈરાનના લશ્કરી મથકને નિશાન બનાવતા નવા હુમલા કર્યા પછી ઇરાને આ જવાબ આપ્યો હતો. જે અમેરિકન દળો માટે ખતરો છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે પુષ્ટિ આપી હતી કે તેના દળોએ બંદર અબ્બાસમાં ઈરાની ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનને નિશાન બનાવતા પહેલા ચાર ઈરાની વન-વે એટેક ડ્રોનને તોડી પાડ્યા હતા કારણ કે તે પાંચમું ડ્રોન લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું હતું. ઈરાની મીડિયાએ શહેરના પૂર્વમાં વિસ્ફોટોની જાણ કરી હતી, જોકે ઈરાની અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલાથી કોઈ નુકસાન કે જાનહાનિ થઈ નથી.

# KUWAIT DRONE ATTACK

અમેરિકન દળો દ્વારા દક્ષિણ ઇરાનમાં હોર્મુંઝ સ્ટ્રેટ નજીક કરવામાં આવેલા મિસાઇલ હુમલાઓને કારણે ઇરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધ્યો છે..

કુવૈતના હવાઈ સંરક્ષણ દળો મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપી રહ્યા છે, એમ સેનાના જનરલ સ્ટાફે જણાવ્યું હતું. સેનાએ જણાવ્યું હતું કે જોખમોથી સાવચેત કરવા માટે સતત સાયરનના અવાજો સંભળાઇ રહ્યાં છે.. અધિકારીઓએ લોકોને સંબંધિત એજન્સીઓ દ્વારા જારી કરાયેલી તમામ સુરક્ષા અને સલામતી સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરી.